(સૌરાષ્ટ્ર દર્શન)

વીરપુર ગઉં કે સતાધાર ગયું... ને

હાલ તને હાલ જઈએ રામ જણાયું... (૨)

જલારામ વસે છે "વીરપુર"માં...

ગંગા-જમુના... રહે છે વીરપુરમાં...

એવો અજબનો ભંડાર... તેનો આવે ના પાર!!!

એવી ધામે જણાયુ!... ગોકુળ ગઉં કે વૃંદાવન ગઉં કે

હાલ તને હાલ જઈએ રામ જણાયું... (વીરપુર).

આપા ગીગા વસે છે "સતાધાર"માં!!!

જ્યાં ભક્તોના દુઃખ પળવારમાં... !!!

એવી સેવા કરે... માંગે નહુ મળે......

અખંડ જ્યોત જણાયું... અયોધ્યા ગઉં કે મથુરા ગઉં!!!

હાલ તને હાલ જઈએ રામ જણાયુ!... (વીરપુર).

વિસામણ વસે છે પાળીયાદમાં!!!

સમા ચાલે છે એને દરીયાદમાં!!!

એના દર્શન કરી... જન્મ ભવ તરી.....

એવી સમાધિ જણાયુ..... બદ્રીનાથ ગઉં કે કેદારનાથ ગઉં!

કે હાલ તને હાલ જઈએ રામ જણાયું!... (વીરપુર).

જુનાગઢમાં નરસી ને શ્યામળીયા...

કુંવરબાઈના "મામેરા" પૂરીયા....

નાચ્યો ઉભી બજાર! રાખ્યુ હરનુ ના ધ્યાન.....

એવો ધૂણી જણાયું..... તીરૂપતી ગઉં કે રામેશ્વર ગઉં...

કે હાલ તને હાલ જઈએ રામ જણાયુ!... (વીરપુર ગઉં).

દેવી દાસ મળે છે પરબમાં!!

જેના ભક્તોના હૈયા હરખમાં!!

અમર દૈયાનુ હીર! ચરણ સારેબપાર! એવી સમાધિ જણાયું...

નાથ દ્વારા ગઉં કે જગન્નાથ ગઉં... હાલ તને હાલ જઈએ રામ જણાયુ!

(પાછળ)

ઘરે ઘરે ભજન કરવા જતા! તારી ભક્તિમાં મસ્ત બની જતા!

શ્યામ તારો છે પ્રાણ... શંભુ તારો છે રામ...

જો કે એને જનાવુ!!

મસ્તીમાં રેવુ... ને મસ્તીમાં ગાવું!.. ને

હાલ તને હાલ બધે રામ જનાવુ!!!

વીરપુર મઢે ને સતાધાર મઢે ને હાલ તને હાલ બધે રામ જનાવુ.

---